# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, છ-૩"પરિણામ" સર્કલ પાસે,"છ"રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નં- (૦૭૯)-૨૩૨-૫૮૯૮૦** WebSite : https://gpsc.gujarat.gov.in

**ઈએક્સ-૨ શાખા**

**જાહેરાત ક્રમાંક :૦૧/૨૦૨૬-૨૭: ગુજરાત ઈજનેરી સેવા(સિવિલ), વર્ગ-૧ અને ૨ સંવર્ગની** દર્શાવેલ **કુલ- ૧૦૩** જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર તા:૦૧/૦૪/૨૦૨૬ (૧૩:૦૦ કલાક) થી તા:૧૫/૦૪/૨૦૨૬ (રાત્રિના ૧૧:૫૯ કલાક) દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

**નોંધ :**(૧) પ્રાથમિક પરીક્ષા તા.૧૦-૦૫-૨૦૨૬ ના રોજ યોજવામાં આવશે.
(૨) મુખ્ય લેખિત પરીક્ષા તા.૧૯-૦૭-૨૦૨૬ થી તા.૨૨-૦૭-૨૦૨૬ દરમિયાન યોજવામાં આવશે.
(૩)પ્રાથમિક કસોટીમાં હાજર રહેવા માટે Consent તથા consent deposit તા:૦૧/૦૪/૨૦૨૬(૧૩:૦૦ કલાક) થી ૧૬/૦૪/૨૦૨૬ (સવારે ૧૦:૦૦ કલાક) દરમિયાન ફરજીયાત આપવાની રહેશે.આ અંગેની વિગતવાર માહિતી જાહેરાતના અંતે આપેલ Annexure-I માં દર્શાવેલ છે.

| **જગ્યાનું નામ** | **કુલ જગ્યા** | **કક્ષાવાર જગ્યાઓ** | | | | | **કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ** | | | | | **કુલ જગ્યાઓ પૈકી અનામત** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **બિન અનામત (સામાન્ય)** | **આર્થિક રીતે નબળા વર્ગો** | **સા. શૈ. પ. વ.** | **અનુ. જાતિ** | **અનુ. જનજાતિ** | **બિન અનામત (સામાન્ય)** | **આર્થિક રીતે નબળા વર્ગો** | **સા. શૈ. પ. વ.** | **અનુ. જાતિ** | **અનુ. જન જાતિ** | **દિવ્યાંગ** | **માજી સૈનિક** |
| કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧ ન.જ.પા.પુ.અને ક.વિ | ૧૫ | ૦૯ | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કાર્યપાલક ઈજનેર (સિવિલ), માર્ગ અને મકાન વિભાગ | ૧૦ | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨ ન.જ.પા.પુ.અને ક.વિ | ૬૦ | ૩૦ | ૦૧ | ૧૬ | ૦૪ | ૦૯ | ૧૦ | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ |
| નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨ માર્ગ અને મકાન વિભાગ | ૧૮ | ૦૬ | ૦૨ | ૦૬ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| **કુલ** | ૧૦૩ | ૫૦ | ૦૪ | ૩૦ | ૦૬ | ૧૩ | ૧૭ | ૦૨ | ૧૦ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૦ |

**૧. દિવ્યાંગ ઉમેદવારો માટે :**

**(૧)** ઉપરોક્ત જગ્યાઓ માટે નીચે દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહિ.

| ક્રમ | દિવ્યાંગતા | માર્ગ અને મકાન વિભાગમાં અનામત રાખવામાં આવેલ જગ્યાની સંખ્યા | | | નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં અનામત રાખવામાં આવેલ જગ્યાની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | દિવ્યાંગતાનો પ્રકાર | કાર્યપાલક ઇજનેર, વર્ગ-૧ | નાયબ કાર્યપાલક ઇજનેર, વર્ગ-૨ | દિવ્યાંગતાનો પ્રકાર | કાર્યપાલક ઇજનેર, વર્ગ-૧ | નાયબ કાર્યપાલક ઇજનેર, વર્ગ-૨ |
| A | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | -- | -- | -- | B,LV | 00 | 00 |
| B | શ્રવણની ખામી | D, HH | ૦૦ | ૦૦ | D,HH | 00 | 00 |
| C | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | OA, OL, LC,CP, Dw,AAV, SD,SI,BA *,BL* | ૦૦ | ૦૦ | OA,OL,CP,LC, Dw,AAV,SD,SI,BA*,BL* | 00 | 00 |
| D | સ્વલીનતા(autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | SLD, MI(40%-70%) MD (40%-70%) | ૦૦ | ૦૧ (પ્રથમ ભરતી પ્રસંગ) | ASD(M),ID,SLD, MI-MD (40%-70%) | 00 | 00 |
| E | બહેરાશ-અંધત્વ સહિતની કોલમ (૧) થી (૪) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા | | | | | 00 | 00 |

B=Blind, LV=Low Vision, HH= Hard of Hearing, OA=One Arm, OL=One Leg, OAL/OLA =One Arm & One Leg, BL=Both Leg, BLOA=Both Legs & One Arm, CP- Cerebral Palsy, LC- Leprosy Cured, Dw- Dwarfism, AAV-Acid Attack Victims, SLD- Specific Learning Disability, MI- Mental illness, MD- Multiple Disabilities, MDy-Muscular Dystrophy, ASD- Autism spectrum disorder, D-Deaf, BA-both arm, SD-Spine Deformity, SI- Spine Injury, ID-Intellectual Disability, (M-Mild, Mod-Moderate).

***Both Arm(BA) / Both Leg(BL)*: સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 ની જોગવાઇને આધીન રહેશે.**

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશે :

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૬/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક–HFWD/MSM/e-file/7/2024/ 1833/Aની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારોએ Rights of Persons with Disabilities Rules, 2017થી નિયત થયેલ FORM -V, VI, VII મુજબનું દિવ્યાંગતા પ્રમાણપત્ર (Disability Certificate) (જે લાગુ પડે તે મુજબ) આપવાનું રહેશે.

(૨) દિવ્યાંગ તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તો તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/અનુ.જાતિ/અનુ.જનજાતિ/સા.શૈ.પ.વર્ગ/આ.પ.વર્ગ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્ર. સીઆરઆર–૧૦૨૦૦૧૭–૧૨૨૬૩૯–ગ.૨ ની જોગવાઇ તેમજ તેમાં વખતોવખત થયેલ સુધારા મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર રહેશે.

**૨. વયમર્યાદા :–**

(૧) અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ ઉમેદવારે ૨૦ (વીસ) વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ૩૫ (પાંત્રીસ) વર્ષ પૂર્ણ કરેલ ન હોવા જોઈએ.

(૨) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૩) ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ |
| ૨ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના પુરુષ ઉમેદવારો | પાંચ વર્ષ |
| ૩ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

**૩. શૈક્ષણિક લાયકાત :**

(1) Possess a Bachelor's degree in Engineering (Civil) or Technology (Civil) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possesses an equivalent qualification recognised by the Government.

Provided that the candidate who has appeared at a degree examination, the passing of which would render him educationally qualified for the Examination mentioned in sub-regulation (1), but the result is not declared, shall also be eligible for admission to the Preliminary Examination.

All candidates who are declared qualified by the commission for appearing in the Main Examination shall be required to produce proof of passing the degree examination along with their application for the Main Examination. The candidate who fails to produce the proof of passing the degree examination shall not be eligible for admission to Main Examination.

(2) The basic knowledge of Computer Application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 as amended from time to time.
(3) Possess adequate knowledge of Gujarati or Hindi or both

**૪. પગાર ધોરણ :**

વર્ગ–૧ : પે મેટ્રીક્ષ લેવલ નંબર–૧૧ રૂ ૬૭,૭૦૦–૨,૦૮,૭૦૦ (આર.ઓ.પી–૨૦૧૬ લેવલ–૧૧)

વર્ગ–૨ : પે મેટ્રીક્ષ લેવલ નંબર–૯ રૂ ૫૩,૧૦૦–૧,૬૭,૮૦૦ (આર.ઓ.પી–૨૦૧૬ લેવલ–૦૯)

**૫. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :–**

પરીક્ષાની રૂપરેખા : સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર ત્રણ તબક્કામાં યોજવામાં આવશે.

**(A)Stage – I પ્રિલિમિનરી પરીક્ષા (Objective type) :** મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા.

પ્રિલિમિનરી પરીક્ષા [Objective Type (Multiple Choice questions)] :

| Paper No | Subject | Marks | Duration |
|---|---|---|---|
| Paper-I | Part-1 General Studies<br>Part-2 Engineering Aptitude | 100 Marks<br>100 Marks | 2 hours |
| Paper-II | Civil Engineering | 300 Marks | 3 hours |
| | **Total** | **500 Marks** | |

**Note:**

1. The syllabus for the question paper – I and II shall be such as may be prescribed and notified by the Commission.
2. The question papers shall be of the objective type (Multiple choice questions).
3. The question paper of part-1 shall be set in Gujarati and Part-2 of paper-I and paper-II shall be in English.
4. The blind candidates shall be allowed additional time of twenty minutes per hour for each paper.
5. The standard of the course content of the syllabus for part – 2 of paper – I and entire paper – II, shall be of degree level.
6. The Number of candidates to be allowed to appear to the Main Examination shall be about Fifteen times the total approximate number of vacancies so advertised.
7. **Preliminary Examination is meant as a screening test only. The marks obtained in the Preliminary Examination by the candidates, who are declared qualified for admission to the Main Examination, shall not be counted for determining their final order of merit.**

**(B) Stage – II મુખ્ય પરીક્ષા (લેખિત)**

**મુખ્ય પરીક્ષા (લેખિત)** [Descriptive (Convetional) Type] **:**

| Paper No | Subject | Marks | Duration |
|---|---|---|---|
| Paper-I | Gujarati Language | 100 Marks | 2 hours |
| Paper-II | English Language | 100 Marks | 2 hours |
| Paper-III | Civil Engineering –I | 200 Marks | 3 hours |
| Paper-IV | Civil Engineering –II | 200 Marks | 3 hours |
| Paper-V | Civil Engineering –III | 200 Marks | 3 hours |
| | **Total** | **800 Marks** | |

**Note:**

1. The Standard of Paper – I of Gujarati Language shall be equivalent to Gujarati subjects (higher level) of Twelfth standard of the Gujarat Secondary and Higher Secondary Education Board.

2. The Standard of Paper – II shall be equivalent to English subjects (Lower level) of Twelfth standard of the Gujarat Secondary and Higher Secondary Education Board.The standard of Papers III, IV and V shall be up to degree level of Civil engineering of the Gujarat Technological Universities.
3. The question papers for the main examination shall be of conventional (Descriptive) type.
4. The syllabus and course content for the question Paper-I to Paper-V shall be as may be prescribed and notified by the commission.
5. The detailed syllabus of the subject shall be decided by the commission.
6. The blind candidates shall be allowed aditional time of twenty minutes per hour for each paper.
7. The question Papers of Paper I shall be in Gujarati and Paper- II to V shall be in English.

**(C) Stage – III (રૂબરૂ મુલાકાત) (Interview) : 100 Marks**

1. The Number of candidates to be called for the Interview shall be about the thrice the number of vacancies so advertised.

2. The marks obtained by the candidates of the Main Examination and Interview shall be determined their Final ranking.

❖ આ જાહેરાતનો વિગતવાર અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર મુકવામા આવશે.

*** રૂબરૂ મુલાકાત સમયે આપવાનો થતો જગ્યા / સેવાની પસંદગીનો ક્રમ :**

(૧) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે ફકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા /સેવા માટે જ દરેક જગ્યા /સેવા માટે પોતાની પસંદગી અનુસાર આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે પત્રકમાં પોતાના સ્વહસ્તાક્ષરમાં જ પસંદગીક્રમ દર્શાવવાનો રહેશે.

(૨) ઉમેદવાર જે જગ્યા /સેવા માટે પોતાની પસંદગીનો ક્રમ એક વખત દર્શાવી દે તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈપણ પ્રકારના ફેરફાર, સુધારા–વધારા, અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

(૩) ઉમેદવારોએ જણાવેલી જગ્યાઓ માટેના પ્રેફરન્સથી તે જગાઓ ઉપર નિમણૂકનો કોઈ હક્ક મળતો નથી.

(૪) ગુણવત્તાક્રમ અને પ્રાપ્ય જગ્યાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે આપેલ પ્રેફરન્સ વિચારણામાં લેવામાં આવશે.

(૫) જે ઉમેદવારે એક પણ જગ્યા / સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફકત અમુક જ જગ્યા / સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓની પસંદગી ક્રમ મુજબની જગ્યા મળવાપાત્ર થતી ન હોય તો જે ઉમેદવારોએ તમામ જગ્યા / સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય તેવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કર્યા બાદ વધેલી જગ્યા ઉપર આવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે.

(૬) ઉમેદવારની નિમણૂક જે તે જગ્યાના અમલમાં હોય તેવા ભરતી નિયમોને આધિન રહેશે.

(૭) ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂક આપવામાં આવશે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂક રદ કરવામાં આવશે.

**૬. પરીક્ષામાં પ્રવેશ :** (૧) જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.(૨) પ્રાથમિક કસોટીનાં પરિણામને આધારે જે ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષા માટે કામચલાઇ સફળ જાહેર કરેલ હશે તેવા ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષા માટે ફરીથી ઓનલાઇન ફોર્મ ભરી, જરૂરી પ્રમાણપત્રો સ્કેન કરી આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.(૩) ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો,પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં આવી ચકાસણી જો મુખ્ય લેખિત પરીક્ષા બાદ કરવામાં આવે તો તેવી ચકાસણી અનુસાર જરૂરી જોગવાઇ ન સંતોષતા ઉમેદવારોની ઉમેદવારી કોઇપણ તબક્કે રદ્ઘ કરવામાં આવશે તેની ઉમેદવારોએ અચૂક નોંધ લેવી. (૪) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**૭. પરીક્ષા કેન્દ્રોની વિગત :** (૧) પ્રિલિમિનરી પરીક્ષા અમદાવાદ અને/અથવા ગાંધીનગર ખાતે યોજવામાં આવશે જો વધુ સંખ્યામાં ઉમેદવારોની અરજીઓ આવશે તો આયોગ દ્વારા આ સિવાયના અન્ય પરીક્ષા કેન્દ્રો ખાતે પણ યોજવામાં આવશે. (૨) પ્રિલિમિનરી પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.inઅને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે અને પ્રિલિમિનરી

પરીક્ષા માટેના પ્રવેશપત્ર તથા ઉમેદવારોની સૂચનાઓ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે. (૩) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા તથા રૂબરૂ મુલાકાતમાં તેમના પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

**૮. પરિણામ :** (૧) આખરી પરિણામ આયોગની વેબસાઈટ પર મૂકવામાં આવશે. (૨) આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે. (૩) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ આયોગની વેબસાઇટ પર મુકવામાં આવશે. (૪) ઉક્ત જાહેરાત અન્વયે કોઇ પ્રતિક્ષાયાદી રહેશે નહીં. ઉમેદવાર હાજર ન થાય/નિમણૂક ન સ્વિકારે તેવા કિસ્સામાં ખાલી રહેતી જગ્યાઓ આ ભરતી પ્રસંગ પછીના ભરતી પ્રસંગથી ભરવામાં આવશે.

**૯. ગુણપત્રક :** મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના આખરી પરિણામ બાદ આયોગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

**૧૦. ગુણની પુન: ચકાસણી :** (૧) જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના પરિણામને આધારે રૂબરૂ મુલાકાતના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપર દીઠ રૂ.૫૦-૦૦ ની ફી સાથે અરજી કરી શકશે. (૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર, અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે. (૩) ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર સ્વીકારવામાં આવશે. (૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ. મોકલવાનો રહેશે. (૫) ઉત્તરવહીઓનું પુન: મૂલ્યાંકન (Re-evalution) ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ. (૬) ગુણની પુન:ચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ.

**૧૧. નિમણૂક :** (૧) ઉમેદવારોને નિમણૂક માટે Merit number and preference ને ધ્યાનમાં વિચારવામાં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂક માટેના હક્ક મળી જતો નથી. (૨) રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ. (૩) નિમણૂક પામેલ ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે. (૪) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે, સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. (૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી, સરકાર દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**૧૨. અગત્યની સૂચના :**

(૧) ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવાર ચેતવણીઓમાં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર બનશે. (૨) ઉમેદવાર પ્રિલિમિનરી પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ. (૩) ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં નોન –પ્રોગ્રામેબલ સાયન્ટિફીક કેલ્ક્યુલેટર લાવવાની અને તેનો ઉપયોગ કરવાની છૂટ છે. પણ પરીક્ષા ખંડમાં, એક બીજા ઉમેદવારની વચ્ચે કેલ્ક્યુલેટરની અદલાબદલી થઈ શકશે નહિ. (૪) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો,પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.(૫)લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાક દીઠ ૨૦ મિનિટનો વળતર સમય(Compensatory time) મળવાપાત્ર રહેશે.

**૧૩. સામાન્ય શરતો :**

(૧) અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ. વર્ગના ઉમેદવારોને જ મળશે.

(૨) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં કોઈ પણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

(૪) ગુજરાત સરકારના કર્મચારી આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની આયોગને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

- ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, દિવ્યાંગ, માજી સૈનિક, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.
- ઉપરોક્ત દર્શાવેલ જગ્યાની સંખ્યામાં ફેરફાર કરવાનો આયોગને અબાધિત અધિકાર રહેશે.
- જાહેરાતની જોગવાઇઓના અર્થઘટન અને ભરતી પ્રક્રિયા બાબતે જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઇઓ આખરી રહેશે.

**નોંધ :** ઉપરોક્ત ગુજરાત ઈજનેરી સેવા(સિવિલ) વર્ગ-૧ અને ૨ સંવર્ગની જગ્યાનાં ભરતી નિયમો, પરીક્ષા નિયમો તથા પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪, Annexure KH/પરિશિષ્ટ-ગનો નમૂનો, દિવ્યાંગ ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની વેબસાઇટ https:// gpsc.gujarat. gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯-૨૩૨૫૮૯૮૦ પરથી મળી શકશે.

ઉમેદવારોએ જાહેરાતની ઉપરોક્ત જોગવાઇઓ તથા આ સાથે સામેલ સામાન્ય જોગવાઇઓનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ અરજી કરવા જણાવવામાં આવે છે.

(નસીમ મોદન)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**Ex-2 Branch**

**Advt. No:01/2026-27.** Online Applications are invited from 01/04/2026(13:00 hours) to 15/04/2026 (23:59 hours) for the post of Gujarat Engineering Service(Civil), Class-I & Class- II for Total-103 posts. Candidates can apply on **https://gpsc-ojas.gujarat.gov.in.**

**Note: (1)** Tentative Date of Preliminary (Screening) Test: 10/05/2026

(2) Tentative date of Mains written examination : 19/07/2026 to 22/07/2026

(3) To appear in the preliminary examination, it is mandatory to submit consent and the consent deposit between 01/04/2026(13:00 hours)_ and 16/04/2026(10:00 hours). Detailed information regarding this is provided in Annexure-I at the end of the advertisement.

| **Name of Post** | **Total Posts** | **Category wise Posts** | | | | | **Out of Category wise posts reserved for women** | | | | | **Post reserved out of the total Posts** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **Gen.** | **E.W.S.** | **S.E.B.C** | **S.C** | **S.T.** | **Gen** | **E.W.S** | **S.E.B.C** | **S.C** | **S.T** | **PwD** | **Ex-Ser** |
| Executive Engineer (Civil), Class I (Narmada, Water Resources, Water Supply and Kalpasar Dept.) | 15 | 09 | 01 | 05 | 00 | 00 | 03 | 01 | 02 | 00 | 00 | 00 | 00 |
| Executive Engineer (Civil), Class I (Road and Building Dept.) | 10 | 05 | 00 | 03 | 00 | 02 | 02 | 00 | 01 | 00 | 00 | 00 | 00 |
| Deputy Executive Engineer (Civil), Class II (Narmada, Water Resources, Water Supply and Kalpasar Dept.) | 60 | 30 | 01 | 16 | 04 | 09 | 10 | 00 | 05 | 01 | 03 | 00 | 00 |
| Deputy Executive Engineer (Civil), Class II(Road and Building Dept.) | 18 | 06 | 02 | 06 | 02 | 02 | 02 | 01 | 02 | 00 | 00 | 01 | 00 |
| **Total** | 103 | 50 | 04 | 30 | 06 | 13 | 17 | 02 | 10 | 01 | 03 | 01 | 00 |

**Note :** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

**For Persons with Disabilities:-**

<table>
<tr><th rowspan="2">Sr. No.</th><th rowspan="2">Disability</th><th colspan="3">Number Of Reserved Posts under Road and Building Dept.</th><th colspan="3">Number Of Reserved Posts under Narmada, Water Resources, Water Supply and Kalpasar Dept.</th></tr>
<tr><th>Type of Disability</th><th>Executive Engineer, Class-I</th><th>Deputy Executive Engineer, Class-II</th><th>Type of Disability</th><th>Executive Engineer (, Class-I</th><th>Deputy Executive Engineer, Class-II</th></tr>
<tr><td>A</td><td>Blind / Low Vision</td><td>--</td><td>--</td><td>--</td><td>B, LV</td><td>00</td><td>00</td></tr>
<tr><td>B</td><td>Deaf/Hard of Hearing</td><td>D, HH</td><td>00</td><td>00</td><td>D, HH</td><td>00</td><td>00</td></tr>
<tr><td>C</td><td>Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims</td><td>OA,OL, LC,CP, Dw,AAV, SD,SI, BA*BL*</td><td>00</td><td>00</td><td>OA,OL,CP,LC, Dw,AAV,SD,SI, BA*,BL*</td><td>00</td><td>00</td></tr>
<tr><td>D</td><td>Autism, Specific Learning Disability and Mental illness</td><td rowspan="2">SLD,MI (40%-70%) MD (40%-70%)</td><td rowspan="2">00</td><td rowspan="2">01 (First )</td><td rowspan="2">ASD(M),ID,SLD, MI, MD (40%-70%).</td><td>00</td><td>00</td></tr>
<tr><td>E</td><td>Multiple Disabilities from amongst persons under group (1) to (4) including Low Vision- Hard of Hearing</td><td>00</td><td>00</td></tr>
</table>

B=Blind, LV=Low Vision, HH= Hard of Hearing, OA=One Arm, OL=One Leg, OAL/OLA =One Arm & One Leg, BL=Both Leg, BLOA=Both Legs & One Arm, CP- Cerebral Palsy, LC- Leprosy Cured, Dw- Dwarfism, AAV- Acid Attack Victims, SLD- Specific Learning Disability, MI- Mental illness, MD- Multiple Disabilities, MDy-Muscular Dystrophy, ASD- Autism spectrum disorder, D-Deaf, BA-both arm, SD-Spine Deformity, SI- Spine Injury, ID-Intellectual Disability, (M-Mild, Mod-Moderate).
*Both Arm (BA) / Both Leg (BL): Subject to the provisions of Resolution No. SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 dated 09/06/2023 and 11/10/2023 issued by the Department of Social Justice and Empowerment*

**Education Qualification:**:

(1) Possess a Bachelor's degree in Engineering (Civil) or Technology (Civil) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possesses an equivalent qualification recognised by the Government.

Provided that the candidate who has appeared at a degree examination, the passing of which would render him educationally qualified for the Examination mentioned in sub-regulation (1), but the result is not declared, shall also be eligible for admission to the Preliminary Examination.

All candidates who are declared qualified by the commission for appearing in the Main Examination shall be required to produce proof of passing the degree examination along with their application for the Main Examination. The candidate who fails to produce the proof of passing the degree examination shall not be eligible for admission to Main Examination.

(2) The basic knowledge of Computer Application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 as amended from time to time.

(3) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

**Pay Scale:**

For Class-I : Pay scale - Rs. 67,700-2,08,700 (R.O.P-2016 Level No: 11)

For Class-II : Pay scale - Rs. 53,100-1,67,800 (R.O.P-2016 Level No: 09)

**Age:** A candidate must have attained the age of 20 years and must not have attained the age of 35 years on 15/04/2026. Age will be calculated as on the last date of receipt of application.

Upper age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | General Category Women Candidates | 05 years |
| 2 | Male Candidates of E.W.S., S.E.B.C , S.C. & S.T. Category of Gujarat Origin | 05 years |
| 3 | Women Candidates of E.W.S., S.E.B.C, S.C. & S.T. Category of Gujarat Origin | 10 years (including 5 years relaxation of reservation for female candidates) (subject to maximum 45 years) |
| 4 | Ex Serviceman, including E.C.O. / S.S.C.O. | The length of military service (Atleast five years of military services) + 3 years |
| 5 | Persons With Disabilities | 10 years (Subject to maximum 45 years) |
| 6 | Government Employee of Gujarat | No relaxation in upper age will be available to Government Servant |

**Note :-** For interpretation of any clause of this advertisement and for recruitment process the recruitment rules and examination rules of the post shall be final.

(1) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(2) The online application is "Editable" till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the "Edit" option and update the details till the last date & time of Application. Do not make a new application.

(3) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(4) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(5) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now.** Candidates qualified for Main Written Examination (Provisional Result) only have to upload their required Certificates/Documents online on Commission’s website **https://gpsc-**

**iass.gujarat.gov.in** Those candidates who send their required Certificates/Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

The details of advertisement can be seen on website http://gpsc-ojas.gujarat.gov.in

(Nasim Modan)
Joint Secretary
Gujarat Public Service Commission

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

૧ નાગરિકત્વ:–

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા
(ખ) નેપાળનો પ્રજાજન અથવા
(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા
(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

૨ અરજીપત્રક:–

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

૩ જન્મ તારીખ:–

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

૪ વયમર્યાદા :–

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૧) (અ) "અનુભવ વગરની સ્પર્ધાત્મક / સીધી ભરતીની એવી જાહેરાતો કે જેના ભરતી નિયમો / પરીક્ષા નિયમોમાં લઘુત્તમ ઉંમર વિશે કોઈ ઉલ્લેખ ન હોય તેવી જાહેરાતોમાં ઉમેદવારે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે લઘુત્તમ ઉંમર ૨૦ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ".

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) "જેના ભરતી નિયમોમાં તેની શૈક્ષણિક લાયકાતની પાત્રતા તારીખ અંગે કોઈ ઉલ્લેખ ન હોય તેવી માત્ર અનુભવ વગરની સીધી ભરતી માટે ભરતી નિયમોમાં માંગેલ શૈક્ષણિક લાયકાત પ્રાથમિક પરીક્ષા બાદ પ્રથમ અરજી ચકાસણી યાદી બહાર પડે તે તારીખે સંબંધિત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ,"

(ક) અનુભવ વાળી સીધી ભરતીની તથા સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે જો ભરતી નિયમોમાં/પરીક્ષા નિયમોમાં અન્યથા કોઈ ઉલ્લેખ ન હોય તો ઉમેદવાર સંબંધિત શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ"

(ખ) "જેના ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાત / અનુભવની પાત્રતા તારીખ અંગે કોઈ ઉલ્લેખ ન હોય તેવા ભરતી નિયમોવાળી જાહેરાતમાં કોઈ એક શૈક્ષણિક લાયકાત સાથે અનુભવ માંગેલ હોય તો તે અનુભવ, અરજી કરવાની છેલ્લી તારીખ સુધીનો માન્ય ગણાશે. પરંતુ જો સમાન જાહેરાતમાં કોઈ શૈક્ષણિક લાયકાત સાથે અનુભવ માંગેલ ના હોય ત્યારે તેવી શૈક્ષણિક લાયકાત, પ્રાથમિક પરીક્ષા બાદ પ્રથમ અરજી ચકાસણીની પ્રથમ યાદી બહાર પડે તે તારીખે સંબંધિત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. વધુમાં ભરતી નિયમો / પરીક્ષા નિયમોમાં શૈક્ષણિક લાયકાત / અનુભવની પાત્રતા અંગે અન્યથા કોઈ ઉલ્લેખ ન હોય ત્યારે જરૂરી અનુભવ, માંગેલ શૈક્ષણિક લાયકાત બાદનો જ હોવો જોઈશે."

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ,માસ,વર્ષ ),મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

(૬) "અનુભવ જરૂરી હોય તેવી આયોગની તમામ જાહેરાતોની પ્રાથમિક કસોટી બાદ અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ખાનગી ક્ષેત્ર (સરકાર તથા બોર્ડ, નિગમ, કોર્પોરેશન સિવાયની સંસ્થાઓ કે જ્યાં સા.વ.વિ. દ્વારા નિયત થયેલ અનુભવનું પ્રમાણપત્ર લાગુ પડતુ નથી) નો અનુભવ ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની જોગવાઇઓ મુજબ અનુભવના નિયત પ્રમાણપત્ર સાથે લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો સાથે ભરતી નિયમો મુજબ માંગેલ અનુભવના પ્રમાણપત્રની ખરાઈ માટે અનુભવના સમયગાળા દરમિયાનનું Salary Accountનું Bank Statement અને ફોર્મ-૧૬ (ભાગ-A અને B) અથવા Income Tax Return (ITR) આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

જો ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થયેલ ન હોવાના કારણે જો આવા ઉમેદવારો ફોર્મ-૧૬ (ભાગ-A અને B) અથવા Income Tax Return(ITR) રજૂ ન કરી શકે તો તેવા કિસ્સામાં ચાલુ નાણાકીય વર્ષ માટે ઉમેદવારના Salary Account ના Bank Statement ની વિગતોને આધારે અનુભવના પ્રમાણપત્રની ખરાઈ કરવાની રહેશે."

૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાની રહેશે.

અગત્યની નોંધ:

(૧) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર (NCLC)/ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) ના પ્રમાણપત્રો પ્રાથમિક કસોટી બાદ "અરજી ચકાસણી માટે પાત્ર ઉમેદવારોની પ્રથમ યાદી" પ્રસિદ્ધ થાય ત્યારે આ પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમા ઈશ્યુ કરાયેલ હોવા જોઈશે તથા માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઇશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે.

(૨) સ્પર્ધાત્મક ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર(NCLC)/ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ના પ્રમાણપત્રો મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ પ્રમાણપત્રો માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે અરજીપત્રક ભર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિદ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજી પત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.

(૬) (ક) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા–પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા–પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા–પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ–ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ સંદર્ભે ગુજરાત સરકારના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં. આ નિયત નમૂનાનું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વર્ગનુ પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે.

(૧૦) જો કોઈ અનામત વર્ગના ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહી હોય તો તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇપણ પ્રકારની છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિનઅનામત કક્ષાના મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે તે ઉમેદવારને બિનઅનામત વર્ગનો ગણવામાં આવશે. પરંતુ કોઇ પણ ઉમેદવાર જો બિનઅનામત વર્ગમા અરજી કરશે તો ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે તેઓની કેટેગરી બદલી આપવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૮ માજી સૈનિક :–

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ “આર્મ્સ ફોર્સ ઓફ ધ

યુનિયન”ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ “ના–વાંધા પ્રમાણપત્ર” નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ “આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન”ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઈએસ–૧૦૮૫૩૪૩૩–ગ–૨ જોગવાઈ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

૯ દિવ્યાંગ ઉમેદવારો :–

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૬/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક–HFWD/MSM/e-file/7/2024/1833/Aની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારોએ Rights of Persons with Disabilities Rules, 2017થી નિયત થયેલ FORM -V, VI, VII મુજબનું દિવ્યાંગતા પ્રમાણપત્ર (Disability Certificate) (જે લાગુ પડે તે મુજબ) આપવાનું રહેશે.

૧૦ મહિલા ઉમેદવાર :–

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

૧૧ વિધવા ઉમેદવાર :–

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે “વિધવા” ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે “વિધવા”બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને “વિધવા મહિલા ઉમેદવાર” તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

૧૨ ના વાંધા પ્રમાણપત્ર:–

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

૧૩ ગેરલાયક ઉમેદવાર :–

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :–

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૧૬ અગત્યની જોગવાઇઓ :–

(અ) સીધી પસંદગીથી ભરતી

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટી/મુખ્ય લેખિત કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઈલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ દિવ્યાંગતા પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

૧૯ નિમણૂક :–

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્બારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્બારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્બારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,
(૨) નામ બદલીને પરીક્ષા આપવી,
(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્બારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,
(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,
(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્બારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઇલ/ ઈલેકટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,
(૧૦) આયોગ દ્બારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા
(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવ આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
  (ક) આયોગ દ્બારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા
  (ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
    (૧) આયોગ દ્બારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
    (૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્બારા ગેરલાયક ઠરાવી શકાશે અને
  (ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

નોંધ ૧ : જાહેરાતની જોગવાઈઓના અર્થઘટન અને ભરતી પ્રક્રિયા બાબતે જગ્યાનાં ભરતી નિયમો અને પરીક્ષા નિયમો ની જોગવાઈઓ આખરી રહેશે.

નોંધ ૨ : ઉપરોક્ત જગ્યાઓનાં ભરતી નિયમો તથા પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-ж, Annexure KH/પરિશિષ્ટ-ગ નો નમૂનો, દિવ્યાંગ ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો, અનુભવના પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯-૨૩૨ ૫૮૯૮૦ પરથી મળી શકશે.

(નસીમ મોદન)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

## -:ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ:-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર (તારીખ: ૦૧/૦૪/૨૦૨૬, ૧૩:૦૦ કલાક થી તારીખ:૧૫/૦૪/૨૦૨૬, ૨૩:૫૯ કલાક) સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઈન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

અગત્યની નોંધ: GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર “Online Application” વિકલ્પ પર ક્લિક કરતા “Apply” નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે “DETAILS” બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના “Apply” બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર “Apply Now” બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી “Apply” બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવાની રહેશે. Application Format માં સૌ પ્રથમ “Personal Details (ઉમેદવારની માહિતી)” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) “Personal Details” (ઉમેદવારની માહિતી)” માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે “NOT APPLICABLE” અથવા “NA” અથવા “NO SURNAME” એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” ભરાયા બાદ “Other Details (અન્ય વિગતો)” માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) “Other Details (અન્ય વિગતો)” ભરાયા બાદ “Language Details (ભાષાની માહિતી)” માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) “Language Details (ભાષાની માહિતી)” ભરાયા બાદ “Upload Photograph (ફોટો અપલોડ કરો)” માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી

પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા–ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ ROW માં દર્શાવવાનો/ભરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા–વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને/અથવા ઈ–મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઈલ નંબર તથા ઈ–મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવો નહીં.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

## -:અરજી ફી ભરવાની પદ્ધતિ:-

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧. પોસ્ટ ઓફીસમાં : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/– આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તારીખ:૧૬/૦૪/૨૦૨૬ સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

૨. ઓનલાઈન ફી : ઓનલાઈન ફી (તારીખ:૧૬/૦૪/૨૦૨૬, ૨૩:૫૯ કલાક) સુધીમાં જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પદ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પદ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી **(સરનામું:** એરફોર્સ કચેરીની સામે, છ–૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/– રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પદ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી **(સરનામું:** એરફોર્સ કચેરીની સામે, છ–૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/– રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# <u>Annexure-I</u>

## <u>પ્રાથમિક કસોટીમાં હાજર રહેવા સંમતિ (CONSENT) આપવા તથા CONSENT DEPOSIT ભરવા બાબત</u>

૧.આયોગ દ્વારા યોજવામાં આવતી પરીક્ષામાં ઓનલાઇન ઉમેદવારી નોંધાવતા ઉમેદવારો પૈકી ઘણા ઉમેદવારો પરીક્ષામાં હાજર રહેતા નથી તેમજ અમુક ઉમેદવારો પોતાની પર્સનલ ડિટેઇલમાં થોડો ઘણો ફેરફાર કરીને એક કરતાં વધારે ઓનલાઇન અરજીઓ પણ કરતાં હોય છે. જેથી આવા ઉમેદવારોની એક સિવાયની બીજી અરજીઓ "રદ" કરવી જરૂરી છે. જે બાબત ધ્યાને લઈ પ્રસ્તુત જાહેરાત માટે નોંધાયેલ ઉમેદવારો પાસેથી "CONSENT FORM" મેળવવાનું તથા CONSENT FORM સાથે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ "CONSENT DEPOSIT" લેવાનું આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

| વર્ગ | CONSENT DEPOSIT |
|---|---|
| બિન અનામત વર્ગના ઉમેદવારો (મહિલા સિવાય) | રૂ.૫૦૦/-+ રૂ.૪.૭૨/-(ટ્રાન્જેકશન ચાર્જ*)= કુલ રૂ.૫૦૪.૭૨/- |
| અનામત વર્ગના ઉમેદવારો (એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને આર્થિક રીતે નબળા વર્ગ), તમામ કેટેગરીના મહિલા ઉમેદવાર, દિવ્યાંગ ઉમેદવાર અને માજી સૈનિક. | રૂ.૪૦૦/-+રૂ.૪.૭૨/-(ટ્રાન્જેકશન ચાર્જ*)= કુલ રૂ.૪૦૪.૭૨/- |

*ટ્રાન્જેકશન ચાર્જ રૂ.૪.૭૨/- પૈકી રૂ.૧/- ઉમેદવારને જે-તે બેન્ક ખાતામાં CONSENT DEPOSIT ભરતી વખતે PENNY DROP FACILITY અન્વયે પરત મળશે.

૨. પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી આપવા માટે પોતાનું CONSENT FORM તથા CONSENT DEPOSIT **<u>તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાક થી તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે. છેલ્લી તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાક બાદ કોઈ પણ ઉમેદવાર પરીક્ષા આપવાનું CONSENT FORM તથા તે અંગેની CONSENT DEPOSIT ભરી શકશે નહીં.</u>**

૩. CONSENT DEPOSIT ભરવાની પદ્ધતિ :

આ અંગેનું CONSENT FORM https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જે માટે ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ ઉપરના HOME PAGE પર "CONSENT" MENU માં જઈ CONSENT FOR EXAM પર Click કરો. ત્યારબાદ પોતાનો "CONFIRMATION NUMBER" અને "BIRTH DATE" તથા CAPTCHAની વિગતો નાખીને "Ok" Button પર Click કરી CONSENT DEPOSIT અને CONSENT FORM ભરી શકાશે.

પ્રત્યેક ઉમેદવારે CONSENT FORM ઉપર AGREE અને PAY બટન કલીક કર્યા બાદ, પોતાની બેન્કની સચોટ અને સાચી વિગત ભરવાની રહેશે. ત્યારબાદ જ CONSENT DEPOSITની રકમ ભરવાની વિન્ડો ખુલશે. જ્યાં નાણા ચૂકવ્યા બાદ SUCCESSના મેસેજ બાદ CONSENT CODE સાથેની CONSENT DEPOSIT RECEIPT સ્ક્રીન પર દેખાશે. ઉમેદવારોએ આ CONSENT DEPOSIT RECEIPT ડાઉનલોડ કરી ફરજીયાતપણે પ્રિન્ટ કાઢી લેવી.

<u>ખાસ નોંધ</u>: CONSENT DEPOSIT RECEIPT, CONSENT ઓનલાઈન હોય (CONSENT DEPOSIT ભરવાની છેલ્લી તારીખ સુધીમાં) ત્યારે ડાઉનલોડ કરી શકાશે. જો CONSENT DEPOSITનાં નાણા બેંક ખાતામાંથી ચૂકવણી થઈ ગયેલ હોય અને CONSENT DEPOSIT RECEIPT જનરેટ ન થઈ હોય તો, ઉમેદવારે CONSENT->CONSENT FOR EXAM-> વિકલ્પમાં જઈને પોતાની વિગતો નાખીને "CHECK YOUR PAYMENT STATUS" પર CLICK કર્યા બાદ CONSENT DEPOSIT RECEIPT અવશ્ય મેળવી લેવી. જો આ મુજબની ચકાસણી કરતા CONSENT DEPOSIT

RECEIPT જનરેટ ન થાય તો CONSENT DEPOSIT ભરવાની પ્રક્રિયા પુન: કરીને CONSENT DEPOSIT RECEIPT મેળવી લેવાની રહેશે.

૪.CONSENT DEPOSIT ભરવાનું માધ્યમ:ઉમેદવાર આ CONSENT DEPOSIT માત્ર UPI, ડેબિટ કાર્ડ્સ, ક્રેડિટ કાર્ડ્સ, નેટ બેન્કિગ દ્વારા ભરી શકે છે.

૫.CONSENT FORM સબમિટ કરવાની અને CONSENT DEPOSIT જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય બાદ લિંક ઉપલબ્ધ રહેશે નહીં. એકવાર લિંક બંધ થઈ જાય પછી CONSENT FORM અને CONSENT DEPOSIT (લેટ ફી/રોકડ રકમ વગેરે સહિત) સ્વીકારવામાં આવશે નહીં. તકનીકી અથવા અન્ય સમસ્યાને ટાળવા માટે ઉમેદવારોને છેલ્લી તારીખ અને સમયની રાહ ન જોવાની સલાહ આપવામાં આવે છે.

૬.રિફંડ ચુકવણી : CONSENT DEPOSIT ભરતી વખતે ઉમેદવાર દ્વારા જે બેન્કની વિગતો રજુ કરેલ હશે તે જ બેન્ક ખાતામાં રીફંડ ચુકવવામાં આવશે. જો આ બેન્ક ખાતુ બંધ/નિષ્ક્રિય/ડોરમંટ વગેરે હોય, તો રિફંડ થઈ શકશે નહીં અને આ માટે ગુજરાત જાહેર સેવા આયોગ જવાબદાર રહેશે નહીં. આમ, ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ CONSENT DEPOSIT ચુકવણી માટે સક્રિય પેમેન્ટ મોડ (બેંક ખાતા)નો ઉપયોગ કરે અને CONSENT DEPOSIT ની રકમ ચૂકવવા માટે તેમના પોતાના પેમેન્ટ મોડ (બેંક ખાતા)નો ઉપયોગ કરે તથા બેન્કની સાચી અને સચોટ વિગતો રજૂ કરે જેથી રિફંડ ની પ્રક્રિયા ઝડપી અને સચોટ થાય.

૭.પરીક્ષામાં હાજર રહેનાર ઉમેદવારોને CONSENT DEPOSIT પરત કરવામાં આવશે. ગેરહાજર રહેનાર ઉમેદવારની CONSENT DEPOSIT પરત કરવામાં આવશે નહીં.

૮.CONSENT DEPOSIT તથા CONSENT FORM ભર્યા અંગેની CONSENT CODE સાથેની CONSENT DEPOSIT RECEIPT જનરેટ થશે, જેની પ્રિન્ટ કાઢી લેવી. આ CONSENT DEPOSIT RECEIPT આયોગ દ્વારા માંગ્યેથી રજૂ કરવાની રહેશે.

૯.જે ઉમેદવારો નિયત સમયમાં આ CONSENT FORM તથા CONSENT DEPOSIT નહીં ભરે તેવા ઉમેદવારોની પ્રસ્તુત જાહેરાતમાં કરેલી ઓનલાઇન અરજી રદ થશે અને આવા ઉમેદવારો કોલલેટર પણ ડાઉનલોડ કરી શકશે નહીં અને પરીક્ષામાં બેસી શકશે નહીં. આ અંગેની કોઈ પણ રજૂઆતો પાછળથી આયોગ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૧૦. એક ઉમેદવાર પોતે એક જ CONSENT FORM અને CONSENT DEPOSIT ભરી શકશે. જો કોઇ ઉમેદવારે પ્રસ્તુત જાહેરાત અન્વયે બે ઓનલાઇન અરજી કરેલ હશે અને બે કન્ફર્મેશન નંબર મેળવેલ હોય તો પણ તેવા ઉમેદવારે કોઇ પણ એક કન્ફર્મેશન નંબર ઉપરથી ઉપર મુજબનું એક જ CONSENT FORM અને CONSENT DEPOSIT ભરવાની રહેશે.

૧૧.પ્રસ્તુત જાહેરાત અન્વયે જો કોઇ ઉમેદવાર દ્વારા અલગ અલગ કન્ફર્મેશન નંબરના અલગ અલગ CONSENT FORM અને CONSENT DEPOSIT ઉમેદવાર દ્વારા ભરેલ હોવાનું જણાઇ આવશે તો તેવા ઉમેદવારને ગુજરાત રાજ્યની તમામ ભરતી સંસ્થાઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગેરલાયક ઠેરવવાની કાર્યવાહી કરવામાં આવશે.

૧૨. પ્રસ્તુત જાહેરાતની ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ યોજાનાર પ્રાથમિક પરીક્ષા આપવા માટેના CONSENT FORM તથા CONSENT DEPOSIT માત્ર ઓનલાઇન https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જ ભરી શકાશે. અન્ય કોઇ પણ માધ્યમથી CONSENT FORM તથા CONSENT DEPOSIT આયોગ દ્વારા સ્વીકારવામાં આવશે નહીં.

૧૩.ઉમેદવારોએ અલગ-અલગ જાહેરાતો માટે અલગ-અલગ CONSENT FORM ભરી CONSENT DEPOSIT ભરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

૧૪.પ્રસ્તુત જાહેરાતમાં ઓનલાઇન અરજી કરતી વખતે જે ઉમેદવારો અરજી ફી ભરવાનું ચૂકી ગયા હોય તેઓ PROCESSING FEE સાથે LATE FEE પણ CONSENT DEPOSIT સાથે જ ભરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૦૧/૦૪/૨૦૨૬

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ